





કરવી કસોટી 'સંઘ'ને કોમી તાકાત મપાવે છે
આપી દીધો દોર છૂટો, હવે એ આગળ ધપાવે છે,
જપાવે છે વડાપદની માળા, તપાવે સિંહાસન -
મત માંગવા જવું ને હિંદુત્વની દોણી છૂપાવે છે..




મારશે પણ,
ને ભણાવશે પણ -
આર એ મ્હેતા..
(લોકપાલની નિમણૂંક)

આથમી ગઇ!
ઉગતાંની સાથે જ
કૂણી કળીઓ
('મધ્યાહન્' તાપે)

## ચિંતન

**અકૃત્વા પર સન્તાપ મગત્વા ખલન મ્રતામ્ ।**
**અનુત્સૃજય સતાં વર્મ યત્સ્વલ્પમપિ તદ્બહુ ॥**

'બીજાઓને સંતાપ આપ્યા - વિના, દુ:ખ પહોંચાડયા વિના, લુચ્ચા-કપટી માણસો આગળ ખોટી નમ્રતા બતાવ્યા વિના અને સત્પુરૂષોના માર્ગનો ત્યાગ કર્યા વિના જે કંઇ થોડું પણ ધન-સમૃદ્ધિ-સુખ પ્રાપ્ત થાય તેને ઘણું કરી સમજવું.'

આજકાલ બધાને ટૂંકે રસ્તે સમૃદ્ધિનો હિમાલય સર કરવાની વૃત્તિ જાગી છે એમાં છળકપટ જમીનની છેતરપીંડી, એકના બમણા-તમણા કરી આપવાની લાલચ, અપહરણ-લૂંટ-ફાટ બધી જ નીચલી કક્ષાની યુક્તિઓથી 'સમૃદ્ધિ' વાન થઇ જવું છે.

આમાં વિધવાના નાણાં-પેન્સનરની પરિશ્રમની મૂડી, ગરીબ ખેડૂતની આજીવિકા, મા-બાપની મમતા કંઇ જ જોવામાં આવતું નથી. બીજાંઓને દુ:ખ-આઘાત-સંતાપ આપીને તેમના હક્ક-ભાગ્યની મુડી પડાવી લેવામાં આવે છે.

તો વળી કોઇ નેતાઓ-શેઠ-શાહુકારની ચાપલુસી કરી નાણાંકીય 'લાભ' મેળવે છે - ખોટી નમ્રતા-વિવેક જે લાયક હોતા નથી તેમની પાસે પણ પૂંછ પટ-પટાવી પડે છે.

નીતિ-નિષ્ઠાનો માર્ગ છોડવો પડે છે.

પરંતુ જો જે ઇશ્વરે ભાગ્યમાં છે એટલું આપ્યું છે એમાં જ સંતોષ માનનારને કોઇ દુષ્કૃત્યો કરવાં પડતા નથી.

સંતોષ એ જ પરમ ધન છે.

## સુવિચાર

- દુ:ખ શું છે એની જે માણસને ખબર જ નથી એ સુખી છે, પણ સુખ શું છે એની જેને ખબર નથી એ માણસ કયારેય સુખી થઇ શકતો નથી. **- રોબીનસન**
- જેઓ બહુ જ ફરિયાદો કરતા હોય છે, એમના વિશે પણ લોકોને સૌથી વધારે ફરિયાદો હોય છે **- સાધુ વાસવાણી**
- પ્રશ્નની મજા જવાબમાં છે. તમે પ્રશ્નથી થાકી જશો તો જવાબ મળશે જ નહીં. જીંદગી એટલે સુખને સાર્થક કરવું અને દુ:ખ ને જીરવવું **- પૂજ્ય મોટા**
- હું મારા જીવનને નાશ પામતા કેવી રીતે બચાવીશ?? એના વિચારમાં ને વિચારમાં જીવન પુરૂ થઇ જાય છે **- કોરિયન કહેવત**
- સંજોગો માણસને બદલી નાખતા હોય છે બહુ ઓછા માણસો એવા હોય છે જે સંજોગોમાં બદલાવી શકે છે **- ડો. એ.પી.જે. કલામ**
- નિરાશાનો ગૂઢ ધક્કો બુદ્ધિને શૂન્ય કરી દે છે, જેવી રીતે લકવા શરીરને...**- ચીની કહેવત**
- દુશ્મનોને માફ કરી દો... પણ એમના નામ કદી ના ભૂલતા **- બર્નાડ શો**

## બોધ કથા

ઠંડી-ગરમીના માપ દરેક સ્થળનાં ફિક્સ નક્કી હોતા નથી. સમય-સ્થળ પ્રમાણે તે કયાં કેવું અનુકૂળ છે તેના પર આધારિત છે એવી જ રીતે બીપી-ડાયાબીટીઝના માપ અંગ્રેજી કંપનીઓ એ જે તે સ્થળના માનવ પ્રકૃતિ પ્રમાણે નક્કી કર્યા છે એ કોના માટે કેટલું 'વધારે' કે 'ઓછું' છે એ એના સ્ટાન્ડર્ડ પરથી નક્કી કરવું યોગ્ય નથી. એવી જ રીતે 'મહાન' થવું એનું એ કોઇ નિશ્ચિત 'માપ' કે 'માપદંડ' નથી.

એક યુવાને ચિંતક પાસે જઇ પૂછ્યું મારે 'મહાન' થવું એ તો મારે શું, અને કેટલું કેટલો વખત કરવું?

યુવાન કહે જેને બધા ઓળખતા હોય-માન-પાન અને આદર આપતા હોય - એ મહાન છે!

સંત-ચિંતક કહે તો-તો તારી વ્યાખ્યા પ્રમાણે એક સરળ અને કર્તવ્યનિષ્ઠ-સાચો માણસ જેને બહુ જ ઓછા લોકો ઓળખતા હોય એ 'મહાન' તો કદાપિ થાય જ નહીં?!

યુવાન કહે - હા, લગભગ એવું જ.

ચિંતક કહે એ બરાબર નથી. તમને ભલે બહુ જ ઓછા લોકો ઓળખે પણ એ તમારા હૃદયથી -તમારી નિખાલસતાથી તમારા પ્રેમાળ-વત્સલ સ્વભાવથી ઓળખતા હોય તો એને માટે ભગવાનની મહાનતા નક્કી થતી નથી. ભગવાન તો ભગવાન જ છે. નાના કે મોટા વર્તુળમાં તમારી 'મહાનતા' દીપી ઉઠવી જોઇએ.'

Email - sureshchandrabhatt18@gmail.com

# જીવીનું મસ્તક પાણી બહાર આવ્યું, તે એક હાથે જીવીના દેહને હડસેલતી હવે કાંઠા પર આવવા પ્રયત્ન કરવા લાગી, પણ હવે તેની શક્તિ ખૂટવા લાગી હતી

## કારણ 'એ મા હતી'

**- અનંત ન. વ્યાસ**

સૌરાષ્ટ્રની કેટલીક નદીઓમાં પાણી કરતા પથ્થર જ વધારે જોવા મળે. ધાતરવડી આવી જ એક નદી છે. ભૂતકાળમાં કદાચ અહીં લાંબી - પહોળી ડુંગરમાળા હશે. નદીનું પાણી સતત આ ડુંગરમાળાને તોડતું રહ્યું હશે. ઘસાઇ જતાં આ ડુંગરાઓની નાની - મોટી ધારો આજે પણ નદીના પટમાં જોવા મળે છે. આવી પાટો વચ્ચે વચ્ચે નાનકડા સપાટ પ્રદેઓશો આવે આવા નાના પટમાં તરબૂચ - ટેટીમાં વાડા કરી, શાકભાજી ઉગાડી લોકો પોતાનું ગુજરાન ચલાવે.

પાતી - કોળણ વર્ષોથી ધાતરવડીના પટમાં વાડો કરતી ઉનાળામાં તરબૂચ-ટેટી, તો શિયાળામાં ટમેટાં ઉગાડે. પાતી વિધવા હતી. તેને બે બાળકો બાર વરસથી દીકરી જીવી તથા આઠ વર્ષનો મોહન દીકરો હતો. પાતી અભણ હોવા છતાં કોઠાસૂઝ ધરાવતી મનતી મજબૂત સ્ત્રી હતી. વહેલી સવારે તો ગામમાં જઇને શાકભાજી વેચી આવે. પાછા ફરતા ઘર-ઉપયોગી ચીજવસ્તુ ખરીદતી આવે. બસ પછી એ ભલી અને તેનો વાડો ભલો. સતત મહેનતથી તેનો વાડો કાયમ લાલોછમ રહેતો.

ચૈત્ર મહિનો ચાલતો હતો આગલા દિવસથી વાતાવરણમાં પલટો આવેલો. માવઠુ થશે તેવું લાગતું હતું. ચૈત્રી માવઠું કયારેક અતિ ભારે પણ હોય છે. વરસાદના છાંટા પડે તો માલ બગડે તે બીકે પાતી વહેલી ગામમાં જેવા તૈયાર થઇ. દીકરી જીવીને કહે 'જો બેટા હું શાક વેચી આવું. વરસાદ આવે તો ઝૂંપડામાં બેસજો.' અથવા કાંઠે આવેલા મંદિરના ઓટલે રમજો. ભાઇનું ધ્યાન રાખજે.

જીવી કહે, 'બા તું તારે જા. અમે રમીશું વરસાદ જો આવશે તો સામા કાંઠે મંદિરમાં જતાં રહીશું. બાર વરસની જીવીને ભરોસે ભાઇને મુકી જવાની પાતીને કંઇ નવાઇ ન હતી. અત્યારે તો ઉનાળો હતો. ચિંતા કરવા જેવું કોઇ કારણ ન હતું પાતી નિરાંત ભાવે બકાલુ વેચવા ગઇ.

વરસાદના છાંટા પડવા લાગ્યા. વાતાવરણ ઝડપથી બદલાતું હતું. વરસાદ વધતો ગયો. પાતી પણ જે ભાવ મળે તે ભાવે માલ વેચવા તૈયાર હતી. પણ હજી ઘરાકો આવ્યાન હતા. પાતીને પણ થોડી બેચેની લાગતી હતી. કંઇ ગોઠતું ન હતું. અચાનક બાજુમાંથી કોઇ કહ્યું, 'અલી પાતી, તું અહિં બેઠી છે ને નદીમાં પાણી આવ્યાનો ગોકીરો સંભળાય છે તે તારા છોકરા કયાં છે?'

પાતીનો જીવ વાત - સાંભળી અધિરો થઇ ગયો. પોતાનો સુંડલો બાજુવાળાને ભળાવી તે ઉતાવળી - ઉતાવળી નદી તરફ વળી. તે મન મનાવતી હતી. આવી ગરમીમાં પાણી કયાંથી આવવાનું? વરસાદ એવો કયાં પડે છે? પાણી આવે તો પણ નદીનો પટ તરલ્યો છે. તુરત પાણી સુકાઇ જાય... છોકરી ડાહી છે. ભય જેવું લાગ્યું હશે તો કાંઠે આવી ગયા હશે... કે પછી નદી. વચાળે ધાર - પટ ચઢી ગયા હશે... ભગવાન... પાતી મનમાં ઘાંડા ઘડતી હતી. પણ કુદરતની ગતિનો ખ્યાલ ન હતો. આગલી રાત્રે જ નદીના ઉપરવટ ભારે વરસાદ પડેલો. આસપાસના ડુંગરાઓ સજીવ થઇ ગયેલા. જોત-જોતામાં નદીમાં પાણીનો પ્રવાહ વધવા લાગ્યો એ જમાનામાં આજની જેમ સાઇરન નહોતી વાગતી. આજુબાજુ ગામડાના યુવાનો તે જવાબદારી સંભાળતા પુર - આવવાનો ભય - સર્જાયો સૌ ખરી જાવ - તેવો સંદેશો આપવા ગામમાં દોડી આવ્યા.

પાતી કાંઠે પહોંચી અને તેની આંખ ફાટી ગઇ. નદી બે કાંઠએ ભરપૂર વહેતી હતી. પાણી ગઠથોલા ખાતું ઘુમરી લેતું - ભયાનક અવાજ સાથે વહેલું હતું. વાડાનું કયાંક નામનિશાન ન હતું. જીવી અને નાનકડો ભાઇ કાંઠે ન આવી શકયા. એટલે નદી વચાળે આવેલી ઊંચી ધાર પર પહોંચી ગયા હતા. અત્યારે તો ચારેબાજુ ફરી વળેલા ગાંડા પુરને જીવી જોઇ રહી હતી. વચ્ચે વચ્ચે આ ગામ તરફ નજર તાકતી હતી. કયાંક 'મા' દેખાય છે. નાનકડો મોહન બહેનનો હાથ પકડી મુંગો ઊભો હતો. પાતીએ કાંઠે આવતા આ દૃશ્ય જોયું. પોતાના બંને બાળકોને પાણી વચ્ચે ફસાયેલા જોઇ પાતી ગાંડા જેવી થઇ ગઇ.

વધતા જતાં પાણીમાંથી બાળકોને કેમ બચાવવા એ મોટો પ્રશ્ન હતો. વેગવંત પાણી વચ્ચેનાં પથ્થરો સાથે અથડાતું, ફીણના ગોટા ઉડાડતું, ભલભળા તરવૈયા પણ માર ખાઇ જાય તેમ વહેતું હતું. પાણીની છાલક બાળકો બાળક ઊભા હતા તે ધારને ભીંજવતી હતી. કંઇ ક્ષણે બાળકો ધાર પરથી લપશી પડે તે પણ ન કહેવાય. કેટલાક મજબૂત તરવૈયા યુવાનો દોરડા લઇ આડફળું બાંધવા ગયા.

આ દરમિયાન પાતીના મનમાં ભારે અજંપો થવા લાગ્યો. મારા બાળકોને મારે બચાવવા જોઇએ. બાળકો ન બચે તો જીવનનો શો અર્થ રહે? ન બચાવી શકું તો ત્રણે જીવ ધાતરડીમાં સમાય જાશું. તેણે મનોમન વિચાર કરી લીધો. ઓઢણું મંદિરના ઓટલે મૂક્યું... કછોડો ભીડી 'જય ખોડીયાર મા' કહી તે પાણીમાં કુદી પડી. રોજના પોતાના પરિચિત માર્ગ પર રસ્તામાં આવતા પથ્થરથી બચતી એ આગળ વધી.પથ્થર સાથે વારંવાર અથડાતાં તેને નાની મોટી ઇજા થઇ પણ પંદરેક મિનિટના સતત અથાગ પ્રયત્ને તે ઘાટ સુધી પહોંચી ગઇ. ઘારની ટોચે આંગળા ટેકવી માથું ઊંચું કર્યું. ગામનાં લોકો આનંદમાં આવી ગયા. અત્યાર સુધી હિંમત ટકાવી રાખી ભાઇનો હાથ પકડી ઊભેલી જીવીની હિંમત 'મા'નું મોઢું જોતાં ભાંગી પડી.

'ઓ.. માડી... રે...' કહી તે રોઇ પડી. નારણ પણ 'મા' ને જોઇ રોઇ પડ્યો. પાતીના કાળજામાં શારડી ફરી ગઇ. અ..ર.. કેટલા સમયથી મોત સામે તાકતા આ બાળકો નોધારા ઊભા હશે? પાતીએ એક હાથ ધાર પર ટેકવ્યા. બીજો હાથ લંબાવ્યો. બાળકો થોડા નજીક આવ્યા. પણ પાણીથી સતત ભિંજાતો પથ્થર લપસણો બની ગયો હતો. પાતી બરાબર પકડે તે પહેલાં તો જીવીનો પગ લપસ્યો અને એક જ ક્ષણમાં માની સમક્ષ ઘુમરી ખાતા ઊંડા પાણીમાં તે ગરક થઇ ગઇ. પાતી દિગ્મૂઢ થઇ ગિ. પડતી જીવીને પકડવા જાળું નાખ્યું. પણ સાવ નિરર્થક, બીજી ક્ષણે તેણે દીકરાનો હાથ પકડી લીધો. તેણે પોતાની પીઠ પર જ બેસાડી દીધો ને જીવી જયાં હતી તે તરફ શેલારો માર્યો. કાંઠાના માણસોએ બૂમો પાડી. 'પાતી... દીકરાને બચાવી... લે પાછી આવી જા... પણ પાતીનો નિર્ણય મક્કમ જ હતો. કાં તો ત્રણે બચશું અથવા નદીમાં જ સમાઇ જશું... બે-ચાર હાથ દૂર જીવીનું શરીર દેખાયું અને પાતીને ગતિ વધારી લોકો જોતા રહ્યા... માને મન તો દીકરો હોય કે દીકરી. પોતાના નજર સમક્ષ મોત ખેંચી જાય તે કેમ બને? તેણે હોઠ ભીડ્યા. જીવીને આંબવા તેણે શેલારા પર શેલારા મારવા મંડ્યા. પાણી તો પથ્થરની ધારો વચ્ચે વેગથી વહેતું હતું. કયાંક ધોધરૂપે પણ પડતું હતું. જીવી તો દેહ કયારેક દેખાતો ... તો ઘડીભરમાં પાણીમાં આઘે આઘે હડસેલાઇ જતો. પીઠ પરના નારણને પણ પથ્થરો વાગતા. પાણી ભીંજવતું તે તો બેભાન થઇ પીઠ પર ઢળી પડ્યો. અચાનક એક મોટા પથ્થર સાથે જીવીનું શરીર અથડાયું અને પાછું ફંગોળાઇ જાય તે પહેલાં તો પાતી પહોંચી ગઇ દીકરીના માથાના વાળ તેના હાથમાં આવી ગયા. તેણે હાથ ઊંચો કર્યો. જીવીનું મસ્તક પાણી બહાર આવ્યું. તે એક હાથે જીવીના દેહને હડસેલતી હવે કાંઠા પર આવવા પ્રયત્ન કરવા લાગી. પણ હવે તેની શક્તિ ખૂટવા લાગી હતી. પીઠ પર બેભાન પુત્ર અને હાથમાં મૃતવત્ પુત્રીનો દેહ પણ ત્યાં તો આડફળું બાંધવા ગયેલા યુવાનોની નજર પડી. સૌ સંભાળપૂર્વક મા-દીકરા-દીકરીને કાંઠે લઇ આવ્યા. જીવી તો પુષ્કળ પાણી પી ગઇ હતી. તેને તુરત હોસ્પિટલમાં દાખલ કરી સારવાર શરૂ કરી દેવાઇ. નારણ તથા પાતીને પણ સારવારની જરૂર હતી. જીવીને લાંબો સમય દવાખાનામાં રહેવું પડ્યું. ડોકટર્સની મહેનત અંતે ફળી. જીવી - સમી દવાખાનાથી ઘરે આવી.

લોકો પાતીને તેના સાહરા માટે અભિનંદન આપતા ધન્યવાદ આપતા ત્યારે તે કહેતી 'ભાઇ હું મા છું,' 'મા'ને મન દીકરો અને દીકરી સરખા. પોતાના વહાલાં સંતાનોને પોતાની નજર સમક્ષ મોત લઇ જાય તે 'મા' થી કેમ સહન થાય. તેવા વખતે જે મોત સામે બાથ ન ભીડે તે 'મા' ન ગણાય...

પાતી આવું જબ્બર સાહસ ખેડી શકી કારણ... એ 'મા' હતી...

નોંધ : વર્ષો પહેલા રાજુલામાં સાંભળેલ કથાના આધારે...

# મકાન માલિક ભાડુઆતને કબજો ખાલી કરાવવા કાયદો હાથમાં લઈ શકે નહિ : ગુજરાત હાઈકોર્ટ

## વાત કાનૂન કાયદાની...

**- અશ્વિન વી. ત્રિવેદી**

ના.ગુજરાત હાઇકોર્ટે એક અતિ મહત્ત્વના ચુકાદામાં જણાવ્યા મુજબ મકાન માલિક દુકાન કે મકાનનો કબજો ભાડુઆત પાસેથી ખાલી કરાવવા માટે કાયદો હાથમાં લઇ શકે નહિ, સાચા માલિકની જગ્યામાં અતિક્રમણ કરનારનો કબજો હોય તો પણ મુળ માલિકે કાયદામાં નિદૃષ્ટ કરેલ વિકલ્પ જ અપનાવવો જોઇએ **'Without due proceess of law'** મકાન માલિક કબજો ખાલી કરાવી શકે નહિ. આ પ્રકારનો કાયદો હાથમાં લેવાની પરવાનગી અપાય તો તે કાયદાનું રાજ કહી શકાય નહિ. 'જંગલરાજ' ગણાય અને ના.કોર્ટ જંગલરાજ માટે કોઇ પણ સંજોગોમાં પરવાનગી આપી શકે નહિ એમ ગુજરાત હાઇકોર્ટે એક અતિ મહત્ત્વપૂર્ણ ચુકાદામાં તાજેતરમાં ઠરાવ્યું છે.

વડોદરામાં કંડારી ગામે કે.જી થી ધો.૧૨ સુધીની શાળા ચલાવતા માનવ કેન્દ્ર એજ્યુકેશન ટ્રસ્ટને સ્થાનિક પોલીસની મદદથી બળપ્રયોગ વડે આશરે ૨૬ એકર જેટલી જગ્યાની મિલકતમાંથી હકાલપટ્ટી કરવાના પોલીસ સત્તાવાળાઓ અને જગ્યાના માલિક ટ્રસ્ટ માનવ કેન્દ્રનાં પગલાને પડકારતી માનવ કેન્દ્ર એજ્યુકેશન ટ્રસ્ટની લેટર્સ પેટન્ટ અપીલ મંજૂર કરતા ના.જસ્ટીસ આર.આર.ત્રિપાઠી અને જસ્ટીસ મોહિન્દરપાલની ખંડપીઠે ખૂબ જ અગત્યનો ચુકાદો આપ્યો હતો અને જણાવ્યું હતું કે, પ્રસ્તુત કેસમાં મુળ માલિક ટ્રસ્ટ માનવ કેન્દ્રએ જેને લીઝ ઉપર જગ્યા અપાઇ હતી તે માનવ કેન્દ્ર એજ્યુકેશન ટ્રસ્ટને પોતાની માલિકીની જગ્યામાંથી કાયદામાં માન્ય નથી તેવી પદ્ધતિથી પોલીસબળ પ્રયોગ અપનાવી દૂર કરવામાં આવ્યા છે. આ પદ્ધતિ કાયદાના શાસનના હક્ક સિદ્ધાંત સાથે સુસંગત નથી, આપણો સમાજ કાયદાના શાસન દ્વારા સંચાલીત થાય છે, તેવા સંજોગોમાં મુળ માલિક કાયદાકીય જોગવાઇ મુજબ કાર્યવાહી કરવા સ્વતંત્ર છે, પરંતુ જગ્યાનો કબજો મેળવવા માટે કાયદો હાથમાં લઇ શકે નહીં. હાઇકોર્ટે આ સમગ્ર પ્રકરણમાં પોલીસની ભૂમિકાની પણ આચોલના કરી હતી. ના.ગુજરાત સરકારના પરિપત્ર મુજબ જમીનના ઝઘડામાં કોર્ટનાં માર્ગદર્શન સિવાય પોલીસ કબજા હક્ક નક્કી કરી શકતી નથી. સદરહુ પરિપત્રનો પણ પોલીસ કાર્યવાહીમાં અનાદર કરવામાં આવ્યો છે.




અરજદાર માનવ કેન્દ્ર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા કરાયેલી અપીલમાં અરજદારના એડવોકેટની દલીલો મુજબ માનવ કેન્દ્રએ કંડારી ગામની ઉપરોક્ત જગ્યા અરજદાર માનવ કેન્દ્ર એજ્યુકેશન ટ્રસ્ટને ૧૯૪૭માં ૧૦ વર્ષનાં ભાડાપટ્ટે આપેલી હતી. આ જગ્યામાં અરજદાર ટ્રસ્ટ માનવ કેન્દ્ર જ્ઞાનમંદિર નામની કે.જી.થી ધો.૧૨ સુધીની શાળા ચલાવતા હતા. મુળ માલિક માનવ કેન્દ્રના લીઝ ડીડ ૨૦૦૭માં પુરી થતી હતી. અને તેના રિન્યુઅલ માટે અરજદાર ટ્રસ્ટની અરજી ચેરીટી ટ્રસ્ટની કચેરીમાં પેન્ડીંગ હતી. આમ છતાં મુળ માલિક ટ્રસ્ટે સ્થાનિક પોલીસની મદદથી ગેરકાયદેસર બળ પ્રયોગ કરી તા. ૧૮-૫-૧૩નાં રોજ જગ્યાનો કબજો મેળવી માનવ ટ્રસ્ટની હકાલપટ્ટી કરી હતી. જો આ માલિક ટ્રસ્ટને સદરહુ જગ્યાનો કબજો જોઇતો હોય તો માલિક ટ્રસ્ટે કાયદાની જોગવાઇ મુજબ સિવિલ કોર્ટમાં દાવો કરી કબજો મેળવવાનો રહે તેવા સંજોગોમાં કાયદાની આંટીઘૂંટી તથા અપીલ રીવીઝનો માં ઘણા વર્ષો નીકળી જાય તેવા સંજોગોમાં મુળ માલિકે કાયદો હાથમાં લઇ લીઝ ડીડની મુદ્દત પુરી થવાનું જણાવી બળ પ્રયોગ દ્વારા કબજો મેળવી લીધો હતો. જેને ના. ગુજરાત હાઇકોર્ટે 'જંગલરાજ' ગણાવી રદિયો આપી મુળ માલિકના કૃત્યને વખોડી નાખી અરજદારની અરજી માન્ય કરી કબજો રીસ્ટોર કરવાનો હુકમ કરેલ.

ઉપરોક્ત ચુકાદાથી મિલકતના ભાડુઆતો રાહતની લાગણી અનુભવશે અને મકાન માલિકની જોહુકમી તથા કાયદો હાથમાં લઇ બળપ્રયોગ દ્વારા ભાડુઆતની જાણ બહાર કબજો મેળવવાનાં માલિકોનાં ગેરકાયદેસરનાં કૃત્યો પર અંકુશ મુકાશે તથા ભાડુઆત કાયદા દ્વારા કબજા હક્કનું રક્ષણ મેળવી શકશે. તો બીજી બાજુ મકાન માલિકો ભાડુઆત રાખતા પહેલા સૌ વાર વિચાર કરશે. તથા ભાડુઆતને કાયદાકીય લખાણ આપતા પહેલા કાયદાનાં બંને પાસાનો વિચાર કરી અમલ કરશે. સરવાળે પોતાની મિલકતની જ્યારે જરૂર હોય ત્યારે મનફાવે ત્યારે કબજો ભાડુઆત પાસેથી માલિક મેળવી શકશે નહિ અને કાયદાકીય પ્રક્રિયામાં ગણો લાંબો સમય વિતાવવો પડશે તે નિર્વિવાદ હકીકત છે.

# નવીન પેદા થયેલ - હાઈબ્રીડ પ્રાણીઓ

## વન્યસૃષ્ટિ પરિચય

**- હેમંત સુથાર**

અંગ્રેજી શબ્દ હાઇબ્રીડ (Hybrid) નો ગુજરાતીમાં અર્થ થાય છે સંકર. બે જુદી જુદી જાતિ, પ્રકાર કે વર્ગના પ્રાણી કે વનસ્પતિના સંવનન કે સંબંધથી પેદા થતું તેમનું સંતાન 'સંકર' કહેવાય છે.

આપણે જાણીએ છીએ તેમ એક પ્રકારના પ્રાણીઓ એટલે કે એક જાતિનાં પ્રાણીઓ કે જે દેખાવમાં સરખા હોય છે અને તેમની વચ્ચે સંવનન થવાથી બચ્ચાં પેદા થાય છે. કોઇ એક જ જાતિના જીવોમાં જનીનક કે ડીએનએ કે પછી એમીનો એસીડસ્ના ફેરફારો કે તફાવતોને કારણે જાતિના પ્રાણીઓનાં શારીરિક કે દેહાકૃતિમાં તફાવત જોવા મળે છે.

અહીંયા આપણે કેટલાક હાઇબ્રીડ પ્રાણીઓ વિશે જોઇશું.

● બ્લડ પેરોટ (Blood parrot) માછલી

આપણે ત્યાં ઘરોમાં માછલીઘરમાં માછલીઓ હોય છે તેમાં સિરલી ડે (Cichilidae) કુટુંબની બે માછલીઓ એક રેડ હેડેડ સિરલીડે (Red headed Cichilidae) અને બીજી મીડાસ સિરલીડે (Midas Cichilidae) વચ્ચે સંવનન બાદ નવી હાઇબ્રીડ સુંદર માછલી પેદા થઇ તેનું નામ 'બ્લડ પેરોટ' રખાયું છે. આ માછલીની વિશિષ્ટતા એ છે કે તેનું મોઢું આડું ખુલવાને બદલે ઊભું ખુલે છે. આ કારણે તે ખોરાક લેતી વખતે તેનું મોઢું બંધ કરી શકતી નથી અને ખોરાકને ગળાની મદદથી ખાય છે. પૃષ્ઠવંશી પ્રાણીઓમાં આ માછળીનું કુળ વધુમાં વધુ સંખ્યા ધરાવે છે. દર વર્ષે તેની નવી નવી જાતિઓ શોધાઇ રહી છે.

હાલમાં બ્લડ પેરેટ માછલીઓના ઉછેર અને વેચાણ ઉપર પ્રતિબંધ છે. આ માછલીઓમાં શારીરિક ખામીઓ જોવા મળી રહી છે અને કુપોષણ ને કારણએ તેમનામાં નબળાઇઓ જોવા ળી રહી છે.

**ઘણાં સંકર જીવો માનવોએ પોતાના સ્વાર્થ અને ઉપયોગીતાને કારણે પેદા કર્યા છે, જયારે કેટલાક અકસ્માતે કુદરતી રીતે પણ પેદા થતાં હોય છે**



● પાંખો વગરની મરઘી (The Featherless Chicken)

પીંછા વગરના ગળાવાળી મરઘી (Barenecked Chicken) અને સામાન્ય બ્રોઇલર મરઘી (Regular Chicken) ના સંબંધથી નવી પેદા કરવામાં આવેલી હાઇબ્રીડ મરઘી કે જેના આખા શરીર પર પાંખો જોવા મળતી નથી.

મરઘી ખાનારા લોકોને મરઘીના પીંછા ખેંચી કાઢવા પડે છે. તેવું ન કરવુ પડે માટે આ પ્રકારની હાઇબ્રીડ પીંછા વગરની મરઘીને પીંછા ન હોઇ પીંછા કાઢવાનો ખર્ચ અને સમય બચે છે.

● ઝુબ્રોવ (The Zubron)

પ્રથમ વિશ્વ યુદ્ધ બાદ ઊભી થયેલ સ્થિતિને કારણે પશુપાલનનો વ્યવસાય કઠીન બન્યો હતો. તેને ધ્યાને લઇને વૈજ્ઞાનિકોએ પાલતું ગાય (Domectic Cow) અને પોલીસ વીસેન્ટ (Police Wisent) વચ્ચે સંગમ કરાવીને એક હાઇબ્રીડ પ્રાણી પેદા કર્યું તે ઝુબ્રોન. પોલીસ વીસેન્ટને યુરોપીય પ્રદેશોમાં જોવા મળતું ગૌર (Bison) ના જાતિનું પ્રાણી છે. આ વગડાઉ પ્રાણી સ્વતંત્ર રીતે ઉછરે છે. ખેડૂતો તેની દેખરેખ રાખવાને બદલે તેને ભટકતું મુકી દે છે. જયારે તેને મારવાનું હોય ત્યારે પકડીને તેની કતલ કરીને તેનો ઉપયોગ કરે છે. ગમે તેવી વિકટ વિષમ પરિસ્થિતિમાં ટકી શકે તેવા આ પ્રાણીની માદાદ ૮૦૦ પાઉન્ડ અને નર ૧૨૦૦ પાઉન્ડના વજનનો થાય છે. ઝુબ્રોનનો નર નપુસંક પેદા થાય છે. તેની માદા નર વિસેન્ટ કે ગાય સાથે સંવનન કરીને બચ્ચા પેદા કરી શકે છે.

● ઘેટા - બકરાનું હાઇબ્રીટ (The toast of Botswana)

ઘેટા અને બકરાના સંવનનથી નવી હાઇબ્રીડ જાત પેદા કરવાનું સરળ નથી. ઘેટાના રંગસૂત્રો (Cromosomes) ૫૪ છે અને બકરાના રંગસૂત્રો ૬૦ છે. તેમ છતાં નવું જે પ્રાણી પેદા થયું તેનામાં ૫૭ રંગસૂથો જોવા મળ્યા છે. નવો પેદા થયેલ જીવ સારી રોગપ્રતિકારક શક્તિ ધરાવે છે. વૈજ્ઞાનિકો માટે આ પ્રાણી જુદી જુદી સંખ્યાના રંગસૂત્રો ધરાવતાં પ્રાણીઓના મેળથી પેદા થયેલ હોઇ સંશોધનનો વિષય બનેલું છે. ઘેટા-બકરાં મોટા ભાગે એક જ પ્રકારના વિસ્તારમાં રહે છે. તેમના હાઇબ્રીડ સંતાનોમાં મૃત્યુ દરનું પ્રમાણ વધુ જોવા મળેલ છે.

● વોલફીન (The Wolphin)

વોલફીન તેના નામ પ્રમાણે વ્હેલ તથા ડોલ્ફીનનું હાઇબ્રીડ પ્રાણી નથી પરંતુ તે ફક્ત બે જાતિની ડોલ્ફીનોનું હાઇબ્રીડ છે. બોટલનોઝ ડોલ્ફીન, સ્ફીનર ડોલ્ફીન, સ્પોડેટ ડોલ્ફીન, રીસ્સોસ ડોલ્ફીન અને અન્ય કેટલીક ડોલ્ફીનોમાં આંતર જાતિ સંવનન કરે છે. બે જુદી જુદી જાતિને કારણે આ પ્રકારની હાઇબ્રીડ ડોલ્ફીનો જન્મ લે છે.

નરવાલ્સ અને બેલુગા વ્હેલ્સમાં સંવનન થતું જોવા મળે છે. તે જ રીતે બ્લ્યુ વ્હેલ, ફીન વ્હેલ્સ્ અને હંમ્પ બેક વ્હેલ્સનું હાઇબ્રીડાઇઝેશન (સંકરણ) થાય છે.

ઘણાં સંકર જીવો માનવોએ પોતાના સ્વાર્થ અને ઉપયોગીતાને કારણે પેદા કર્યા છે. જયારે કેટલાક અકસ્માતે કુદરતી રીતે પણ પેદા થતાં હોય છે. કામા, (ઉંટ), કોયવોલ્ફ (વરૂ), ઉસિંડસૂ (રીંછ) અને લાઇગર (વાઘ-સિંહ) જેવા હાઇબ્રીડ પ્રાણીઓ છે તેના વિશે હવે પછી જોઇશું.